અરબી સમુદ્રમાં સર્જાયેલા વાવાઝોડાના પગલે

દરિયામાં કરંટ વધતાં બે નંબરનું સિગ્નલ

માંગરોળ પંથકમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું છે, સાવચેતીના પગલે બોટને કાંઠે લાવવામાં આવી છે

જૂનાગઢ, તા.૭

અરબી સમુદ્રમાં સર્જાયેલા વાવાઝોડાના પગલે ગુજરાતના દરિયામાં હલચલ જોવા મળી રહી છે. વાવાઝોડાના પગલે દરિયા કિનારે બે નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. જૂનાગઢના માંગરોળ દરિયા કિનારે બે નંબરનું સિગ્નલ અપાયું છે. સાથે જ માંગરોળના દરિયામાં કરંટ જોવા મળ્યો છે. જેના પગલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઇ છે. ઉપરાંત માંગરોળ પંથકમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. સાવચેતીના પગલે બોટને કાંઢે લાવવામાં આવી છે. જાફરાબાદ પીપાવાવ પોર્ટ પર દરિયો તોફાની બનવાની સંભાવના છે. બંદર પર ૨ નંબરનું સિગ્લન લગાવાયું છે. દરિયામાં ઉંચા મોજા સાથે પવનની ગતિ વધશે. સાથે જ રાજુલા, જાફરાબાદ, પીપાવાવ કોસ્ટલ વિસ્તારના ગામોને એલર્ટ કરાયા છે. આ સાથે જ જાણો, કયા નંબરનું સિગ્નલ ક્યારે આપવામાં આવે છે. ૧ નંબરનું સિગ્નલ પવનની ગતિ ૧થી ૫ કિમીની હોય ત્યારે લગાવાય છે. વાવાઝોડાની ચેતવણી આપે છે. ૨ નંબરનું સિગ્નલ પવનની ગતિ ૬થી ૧૨ કિમીની હોય ત્યારે લગાવાય છે. માછીમારોને દરિયામાં વાવાઝોડાનો સામનો કરવો પડી શકે છે.

૩ નંબરનું સિગ્નલ પવનની ઝડપ ૧૩થી ૨૦ કિમીની હોય ત્યારે લગાવાય છે. સપાટીવાળી હવાને પગલે બંદર પર ભય દેખાડે છે. ૪ નંબરનું સિગ્નલ પવનની ગતિ ૨૧થી ૨૯ કિમીની હોય ત્યારે લગાડાય છે. બંદર પર સાવચેતીનાં પગલા લેવા પડે એટલો ભય નથી બતાવતો. ૫ નંબરનું સિગ્નલ પવનની ગતિ ૩૦થી ૩૯ કિમીની હોય ત્યારે લગાવાય છે. સામાન્ય વાવાઝોડું, કિનારા ઓળંગી બંદરમાં ભારે હવા ફૂંકાવાનો સંકેત. ૬ નંબરનું સિગ્નલ પવનની ગતિ ૪૦થી ૪૯ કિમી હોય ત્યારે લગાવાય છે. સામાન્ય વાવાઝોડું, બંદરમાં ભારે હવાના અનુભવનો સંકેત આપે છે. ૭ નંબરનું સિગ્નલ પવનની ગતિ ૫૦થી ૬૧ કિમી હોય ત્યારે લગાવાય છે. બંદર ઉપરથી પસાર થાય, ભારે તોફાની પવન ફુંકાઈ શકે.

૮ નંબરનું સિગ્નલ પવનની ગતિ ૬૨થી ૭૪ કિમી વચ્ચે હોય ત્યારે લગાવાય છે. ભારે વાવાઝોડું, બંદરને ક્રોસ કરી શકે જેથી તોફાની હવાના સંકેત. ૯ નંબરનું સિગ્નલ પવનની ગતિ ૭૫થી ૮૮ કિમી હોય ત્યારે લગાવવામાં આવે છે. જોરદાર વાવાઝોડું, બંદર પર તોફાની હવાના અનુભવનો સંકેત. ૧૦ નંબરનું સિગ્નલ પવનની ગતિ ૮૯થી ૧૦૨ કિમીની હોય ત્યારે લગાવવામાં આવે છે. ભારે જોરવાળું વાવાઝોડું, બંદર પર ભારે તોફાની હવાના અનુભવનો સંકેત. ૧૧ નંબરનું સિગ્નલ પવનની ગતિ ૧૦૩થી ૧૧૮ કિમી હોય ત્યારે લગાવાય છે.

ગુજરાત યુનિ.એ મોદીની ડિગ્રી બાબતે કેજરીવાલ સામે કેસ કર્યો

દિલ્હીના સીએમની મુશ્કેલી વધી : અમદાવાદની મેટ્રો પોલિટન કોર્ટ દ્વારા દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ અને રાજ્યસભા સાંસદ સંજય સિંહને સમન્સ

નવી દિલ્હી, તા.૭

ગુજરાત યુનિવર્સિટીએ દિલ્હીના સીએમઅરવિંદ કેજરીવાલ સામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી મેળવવા બાબતે બદનક્ષીનો કેસ દાખલ કર્યો છે. જેમાં અરવિંદ કેજરીવાલના કારણે ગુજરાત યુનિવર્સિટીની છબી ખરડાઈ હોવાના આક્ષેપ સાથે આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. અમદાવાદ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. પીએમનરેન્દ્ર મોદીની ડિગ્રી વિવાદમાં દંડ ફટકાર્યા બાદ અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓનો અંત આવ્યો નથી. અમદાવાદની મેટ્રો પોલિટન કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને રાજ્યસભા સાંસદ સંજય સિંહને સમન્સ પાઠવ્યા છે. બંનેને આજે કોર્ટમાં હાજર થવાનું હતુ. આ કેસમાં કેજરીવાલની સાથે સંજય સિંહ પણ આરોપી છે. બંનેને અગાઉ સમન્સ પાઠવવામાં આવ્યું હતું. આ પહેલા કોર્ટે કેજરીવાલ પર ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. જોકે, યુનિવર્સીટીની છબી ખરડવાના કેસમાં દલીલોને અંતે કોર્ટે ૧૩ જુલાઈનાં ફરજિયાત હાજર રહેવા બંનેને ફરમાન કર્યુ હતું.

સૂક્ષ્મ સિંચાઈ માટે પાંચ હોર્સ પાવરનુ અલાયદું વીજ જોડાણ આપવામાં આવશે

વરસાદી પાણીનો સંગ્રહ કરતા ખેડૂતો માટે રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય

ખેતતલાવડીનું પાણી ખેતીમાં જ વાપરતા હશે ત્યાં વીજ જોડાણ અપાશે

ગાંધીનગર, તા.૭

ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું છે કે , ખેડૂતોના હિતને વરેલી રાજ્ય સરકારે ખેડૂતો માટે અનેકવિધ મહત્વના નિર્ણયો કર્યા છે જેના ભાગરૂપે વરસાદી પાણીનો સંગ્રહ કરતા ખેડૂતો માટે ખેતીવાડીમાં સૂક્ષ્મ સિંચાઈ માટે પાંચ હોર્સ પાવરનુ અલાયદું વીજ જોડાણ આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

ઊર્જા મંત્રીશ્રી એ ઉમેર્યું કે, જે જગ્યાએ પાણીના તળ નીચા ગયા છે ત્યાં આવું વીજ કનેકશન આપવા માટે ખેડૂતોની, લોકપ્રતિનિધિઓની અને ખેડૂત સંગઠનોની રજૂઆત હતી જેને ધ્યાને લઈને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ લેવાયેલ આ નિર્ણયના કારણે ઉત્તર ગુજરાત,સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લાના મહત્તમ ખેડૂતોને લાભ મળશે. ખેતરમાં બનાવેલ હોજ/સંપ/ટાંકા/ખેત-તલાવડીમાંથી પાણી ઉદ્બહન કરી સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેતુ મહત્તમ ૦૫(પાંચ) હોર્સ પાવરનું ખેતી વિષયક વીજ જોડાણ અપાશે. તેમણે ઉમેર્યું કે, જે ખેડૂત કોઈ પણ સ્રોત દ્વારા પોતાના ખેતરમાં બનાવેલ હોજમાં પાણી ભરે અને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિથી સિંચાઇ કરે તો મહત્તમ ૫(પાંચ) હોર્સ પાવરનું અલાયદુ કૃષિ વીજ જોડાણ આપવા માટેનાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭માં ધારાધોરણો નિયત કરાયા હતા. હવે તેમાં સુધારો કરી "હોજ ઉપરાંત સંપ, ટાંકા અને ખેત-તલાવડીમાં થી પણ ખેડૂત પાણી ઉદ્વહન કરી શકશે એવો સુધારો કરવાનો નિર્ણય કર્યો છે. સિંચાઈ વિભાગ દ્વારા નોંધવામાં આવેલ ખેત-તલાવડીઓ ઉપરાંત સ્વખર્ચે બનાવેલ ખેત તલાવડીઓને પણ આ નિયમ લાગુ રહેશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

રાજ્ય સરકારના આ ખેડૂત-હિતલક્ષી નિર્ણયને કારણે ભૂગર્ભજળની બચત થશે સાથે સાથે માત્ર ૫ હો.પા.ના ખેતીવાડી વીજ જોડાણના વીજ વપરાશને કારણે ખેડૂતોને વીજબીલમાં પણ બચત થશે. તેમજ પોતાના ખેતરમાં ખેત-તલાવડી બનાવી તેના પાણીનો સિંચાઇ માટે ઉપયોગ કરવા ખેડૂતોને પ્રોત્સાહન મળશે તેમ તેમણે ઉમેર્યું હતું

૨૪ કલાકમાં બિપરજોય તીવ્ર ચક્રવાતી વાવાઝોડું બનશે

૧૫૫ કિમીની ઝડપે ફૂંકાશે પવન : કર્ણાટક-ગોવા-મહારાષ્ટ્રના દરિયાકાંઠે અને તેની બહાર ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે

અમદાવાદ, તા.૭

ગુજરાત પર તોળાતા સંભવિત વાવાઝોડા બિપરજોય અંગે હવામાન વિભાગનું અપડેટ સામે આવ્યું છે. આજે વહેલી સવારના અપડેટ્સ પ્રમાણે, બિપરજોય છેલ્લા ૩ કલાક દરમિયાન સ્થિર રહ્યું હતું. વાવાઝોડું ગોવાના પશ્ચિમ-દક્ષિણપશ્ચિમમાં લગભગ ૯૦૦ કિમી, મુંબઈથી ૧૦૨૦ કિમી દક્ષિણપશ્ચિમ, પોરબંદરથી ૧૦૯૦ કિમી દક્ષિણ-દક્ષિણપશ્ચિમ અને કરાચીથી ૧૩૮૦ કિમી દક્ષિણે છે. તે લગભગ ઉત્તર તરફ આગળ વધવાની અને આગામી ૬ કલાક દરમિયાન પૂર્વ મધ્ય અરબી સમુદ્ર પરના ગંભીર ચક્રવાતી વાવાઝોડામાં અને ત્યાર પછીના ૨૪ કલાક દરમિયાન તે જ પ્રદેશમાં વધુ તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં રૂપાંતરિત થવાની સંભાવના છે. ૮મી જૂને પવનની ઝડપ ૧૨૫ કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે અને તે પૂર્વમધ્ય અરબી સમુદ્ર અને પશ્ચિમ મધ્ય અને દક્ષિણ અરબીના આસપાસના વિસ્તારોમાં પ્રવર્તે છે અને ૮મી જૂનની સાંજથી તે ૧૪૫ કિમી પ્રતિ કલાક થવાની શક્યતા છે. કર્ણાટક-ગોવા-મહારાષ્ટ્રના દરિયાકાંઠે અને તેની બહાર ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. ૯મી જૂને મધ્ય અરબી સમુદ્ર પર ૧૫૫ કિમી પ્રતિ કલાક પવનની ઝડપ પ્રવર્તે તેવી શક્યતા છે અને તે જ વિસ્તારમાં ૯મી જૂનની સાંજથી ઝડપ ૧૬૫ કિમી પ્રતિ કલાક થવાની શક્યતા છે. દક્ષિણ અરબી સમુદ્રના નજીકના વિસ્તારોમાં પવનની ઝડપ ૭૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે. કર્ણાટક-ગોવા-મહારાષ્ટ્રના દરિયાકાંઠે અને તેની બહાર ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. ૧૦મી જૂને મધ્ય અરબી સમુદ્ર પર ૧૪૫-૧૫૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે.

દક્ષિણ અરબી સમુદ્રના નજીકના વિસ્તારો અને ઉત્તર કર્ણાટક-ગોવા-મહારાષ્ટ્રના દરિયાકાંઠે અને તેની બહારના વિસ્તારોમાં પવનની ઝડપ ૬૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે. ૧૧મી જૂને મધ્ય અને નજીકના ઉત્તર અરબી સમુદ્ર પર સમુદ્રની સ્થિતિ અસાધારણ રહેવાની શક્યતા છે. પૂર્વ મધ્ય અરબી સમુદ્રના નજીકના વિસ્તારો અને ગોવા-મહારાષ્ટ્રના દરિયાકાંઠે અને તેની બહાર, ઉત્તરપૂર્વ અરબી સમુદ્ર અને ગુજરાતના દરિયાકાંઠે અને તેની બહાર દરિયાની સ્થિતિ અત્યંત રફ રહેવાની શક્યતા છે.

હવે સાણંદમાં ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન કરવાની ઈલેક્ટ્રોલાઈઝરની ઈન્ડસ્ટ્રી બનશે

અમદાવાદ, તા. ૭

અમદાવાદ જિલ્લાના સાણંદમાં રૂ. ૫૦૦ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ કરીને પ્લાન્ટ તૈયાર કરવામાં આવશે. પાણીના ટીપાંમાંથી હાઈડ્રોજનના બે કણ અને ઓક્સિજનના એક કણને છૂટા પાડીને ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા માટેના ઈલેક્ટ્રોલાઈઝરનો પ્લાન્ટ ગુજરાતના સાણંદમાં નાખવાની જાહેરાત કરવામાં આવી છે. ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા માટેનો સંપૂર્ણ દેશી ટેકનોલોજી સાથેનો આ પ્લાન્ટ છે. ઈલેક્ટ્રોલાઈઝરનું નિર્માણ થવા માંડતા ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનમાં ગુજરાત સ્વતંત્ર બની શકશે. આ પ્લાન્ટ ચાલુ થઈ જતાં ગ્રીન હાઈડ્રોજન પેદા કરવામાં અગ્રણી રાજ્ય તરીકેનું સ્થાન ગુજરાત પ્રાપ્ત કરી લેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ હાઈડ્રોજન મિશન પોલીસી બનાવી છે. જે પોલીસીથી આવનારા આ પ્લાન્ટ માટે ગ્રીન્ઝો ઇન્ડિયા એનર્જી લિમિટેડ પહેલા તબક્કામાં કંપની ૧૦૦ કરોડ, બીજા તબક્કામાં ૨૫૦ કરોડ અને ત્રીજા તબક્કામાં રૂ. ૧૫૦ કરોડ મળીને કુલ રૂ. ૫૦૦ કરોડનું મૂડીરોકાણ કરશે. આ સાથે જ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સહકારથી ગુજરાતને એનર્જીના સેક્ટરમાં સ્વતંત્ર બનાવવાની દિશામાં મહત્વનું પગલું ઉઠાવવામાં આવી રહ્યું છે. કંપનીની સ્થાપના થઈ ગયા પછી આઠ માસમાં ઈલેક્ટ્રોલાઈઝરનું ઉત્પાદન કરવાનો પ્લાન્ટ ચાલુ કરી દેવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઈલેક્ટ્રોલાઈઝરની મદદથી હવામાં કાર્બનનું જરાય ઉત્સર્જન કર્યા વિના હાઈડ્રોજન પેદા કરવામાં આવતો હોવાથી તેને ગ્રીન હાઈડ્રોજન તરીકે ઓળખવામાં આવે છે. ગ્રીન્ઝો ઇન્ડિયા એનર્જી લિમિટેડ રિન્યુએબલ એનર્જીના સેક્ટરની એક અગ્રણી કંપની છે. ગુજરાતમાં ઈલેક્ટ્રોલાઈઝરનું સ્વદેશી ટેકનોલોજીથી ઉત્પાદન કરીને માર્કેટમાં આવનારી પહેલી કંપની બનશે. ડિઝાઈનિંગના સેક્ટરના અગ્રણી ગણાતા ગુજરાત સ્થિત એજીડીસી ગ્રુપે આ પ્લાન્ટ માટેનું મોડેલ તૈયાર કરી આપ્યું છે.

બે કોમ વચ્ચે ઘર્ષણ બાદ હિન્દુ સંગઠન દ્વારા ઉમરેઠમાં બંધ પળાયો

આણંદ, તા.૭

બે સગીર છોકરીઓની કથિત છેડતીના વિરોધમાં અને કેટલાક લોકો સામે નોંધાયેલી તોફાનોની ફરિયાદના વિરોધમાં કેટલાક સ્થાનિક હિન્દુ સંગઠનો દ્વારા આપવામાં આવેલા બંધના એલાનને પગલે મંગળવારે આણંદ જિલ્લાનું ઉમરેઠ શહેર બંધ રહ્યું હતું. ઉમરેઠ સંઘર્ષ સમિતિ (યુએસએસ) દ્વારા અપાયેલા એલાનને પગલે તમામ મુખ્ય બજારો બંધ રહ્યા હતા. શનિવારે રાત્રે બે સગીર યુવતીઓ આઈસ્ક્રીમ ખાવા માટે બહાર ગઈ હતી. તેમનું વાહન પાર્ક કર્યા પછી, એક છોકરી તેનો બરફ ગોલા ખાઈ રહી હતી ત્યારે લઘુમતી સમુદાયના પાંચ છોકરાઓના જૂથમાંથી એક છોકરાએ કથિત રીતે તેનો હાથ ખેંચ્યો અને તે નીચે પડી ગઈ તેવું યુએસએસના કેતન વકીલે આક્ષેપ કર્યો હતો. બંને યુવતીઓના માતા-પિતા રવિવારે ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા ગયા હતા, પરંતુ તેમનો કેસ નોંધવામાં આવ્યો ન હતો, એવો આક્ષેપ વકીલે કર્યો હતો, જેમણે મોટી સંખ્યામાં લોકો સાથે મળીને મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપી આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. જો કે, આણંદ જિલ્લાના પોલીસ અધિક્ષક પ્રવીણ કુમારે આરોપોને નકારી કાઢ્યા હતા. શનિવારે, અમને અરજી મળી હતી પરંતુ છેડતીનો કોઈ આરોપ નથી. રવિવારથી, જ્યારે તેમના વકીલ માતા-પિતા અને છોકરીઓ વતી હાજર થયા, ત્યારે અમે તેમને ફરિયાદ નોંધવા માટે કહી રહ્યા છીએ પરંતુ આજ સુધી કોઈએ રજૂઆત કરી નથી.

અમદાવાદમાં યોજાયો કારકીર્દી કાર્નિવલ ટોક

અમદાવાદ, તા.૭

આપણે જોઈ શકીએ છીએ કે સમગ્ર ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં યુપીએસસી ઉમેદવારોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. તેથી, ઝેડ-કેડ ફાઉન્ડેશન, લિબર્ટી કેરીઅર એકેડેમી તથા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના સંયુક્ત સહયોગથી ૪ જૂન, ૨૦૨૩ના રોજ યુપીએસસી ફેટરનિટી પેનલ શ્રી કેતન ગક્કર, કુ. ઈશાની પંડયા, શ્રી ઉત્સવ પરમાર, શ્રી સફીન હસન અને શ્રી હિરેન બારોટ તથા શ્રી ડંકેશ ઓઝા, શ્રી જગદીશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. "કારકિર્દી કાર્નિવલ ટોક-૨૦૨૩"નું આયોજન કરવામાં આવ્યું હતું. આરજે કૃતાર્થ, રેડિયો મિર્ચી દ્વારા આ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. નિષ્ણાતોએ તેમની આખી સફર અને કેવી રીતે તૈયારી કરી હતી, પરીક્ષામાં સફળતા કેવીરીતે મેળવી, તેઓએ તેમના ઈન્ટરવ્યુ કેવી રીતે ક્લીયર કર્યા અને પોતપોતાના ક્ષેત્રમાં ઓફિસર બનવાનો તેમનો અનુભવ રજુ કર્યો હતો.

● શ્રી કેતન ગક્કર, IRS IT – CSE ૧૪, ડેપ્યુટી ડાયરેક્ટર ઈન્વેસ્ટિગેશન વિંગ, અમદાવાદ

"આપણે માતૃભાષામાં આપણા વિચારો સરળતાથી અને વધુ સર્જનાત્મક રીતે વ્યક્ત કરી શકીએ છીએ. તાર્કિક વિચારો અને તર્ક વિકસાવવામાં અને જટીલ પ્રશ્નોને સમજવામાં વાંચન મહત્વની ભૂમિકા ભજવે છે. દરેકનો અભિપ્રાય સાંભળો, પણ તમને તમારા માટે જે યોગ્ય લાગે તે કરો."

● સુશ્રી ઈશાની પંડયા, ICLS – CSE ૧૫, ડેપ્યુટી ડાયરેક્ટર, કોર્પોરેટ અફેર્સ મંત્રાલય, અમદાવાદ

"યુપીએસસી પરીક્ષાની તૈયારીએ મને આકર્ષિત કરેલ અને આ તૈયારીની સફર રસપ્રદ છે. અંતિમ મુકામ તરફના વિવિધ તબક્કાઓની પ્રક્રિયા તમને વિવિધ કૌશલ્યોના વિકાસ દ્વારા ગુણાત્મક અનુભવ આપે છે."

● શ્રી ઉત્સવ પરમાર, IIS – CSE ૧૫, ડેપ્યુટી ડિરેક્ટર, દૂરદર્શન, અમદાવાદ

એવરેસ્ટ સર કરવા અને જીવનમાં સફળતા મેળવવા માટે દરેક વ્યક્તિની પોતાની ઊંચાઈ હોય છે. આપણે આપણી સરખામણી અન્ય લોકો સાથે ન કરવી જોઈએ અને આપણું મન અને હૃદય ખુલ્લું રાખવું જોઈએ. દરેક વ્યક્તિએ આવર્તનના વિવિધ સ્તરો સાથે મેળ સાધવો પડશે અને લોકોને સમજવા માટે સહાનુભૂતિ વિકસાવવી પડશે. આપણે લોકશાહીને પ્રોત્સાહન આપવા, કરુણા કેળવવા અને યોગ્ય નિર્ણય લેવા માટે શાણપણ કેળવવા માટે વાંચવાની જરૂર છે.

● શ્રી ડંકેશ ઓઝા, સિનિ. ફેકલ્ટી અને ભૂતપૂર્વ. જો. કમિશનર, સ્પીપા

આપણે પૂર્વ મુખ્યમંત્રી શ્રી ચિમનભાઈ પટેલના આભારી છીએ કે જેમણે ગુજરાતના ઉમેદવારોને આકર્ષવા માટે સ્પીપા ખાતે સારા શિક્ષણનાં વાતાવરણ અને પુસ્તકાલયની સુવિધાઓ સાથે આઈએએસ તાલીમ કેન્દ્રની સ્થાપના કરી હતી. વાંચવાની આદત કેળવો અને આપણે જેટલું વધુ વાંચીએ છીએ તેટલું નવું જાણી અને લખી શકીએ છીએ. આપણી પાસે "હું કરી શકું છું, આપણે કરી શકીએ છીએ" તે વલણ હોવું જોઈએ.

શરૂ કરાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રસ્તાઓ પણ ખુંદાયેલી હાલતમાં છે. જેના લીધે સ્થાનિકોને લાંબા સમયથી રોજબરોજ પરેશાની વેઠવી પડે છે. આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતી પણ જોખમાઇ છે. જયારે વરસાદી દિવસો પુર્વે માર્ગોની દશા ન સુધરે તો સ્થિતિ વધુ જોખમી બને તેવી દહેશત પણ પ્રબળ બની હતી. આ મામલે વાવોલના જાગૃત નાગરિકોએ ગુડાના તંત્ર સમક્ષ પણ અગાઉ રજુઆત કરી હતી જેના અંતે ગુડા દ્વારા વાવોલમાં માર્ગોની દશા સુધારવા માટે ત્વરિત કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો હતો. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ટી પી ૧૩ વાવોલ વિસ્તારમાં અગાઉ ગટર તેમજ સ્ટોર્મ વોટર લાઇનનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જેના લીધે ઘણાં ઠેકાણે માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. જયારે આ સ્થિતિ નિવારવા માટે ગુડા દ્વારા અંદાજિત ૭ કી મી વિસ્તારમાં વિવિધ માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેની પાછળ અંદાજિત રૂ ૪ કરોડનો ખર્ચ થશે. જયારે હાલ માર્ગોના રીસરફેસીંગનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. ગુડાના સુત્રોએ જણાંવ્યા મુજબ વરસાદી દિવસો શરૂ થાય તે પહેલા જ કામ પણ પુર્ણ કરી દેવાશે જેથી વરસાદી દિવસોમાં સ્થાનિકોને હાલાકી વેઠવી પડશે નહીં. ઉબડ ખાબડ માર્ગો પૈકી કેટલાક માર્ગો રહેણાંક વિસ્તારને અડીને જ પસાર થાય છે. જેના લીધે ઘર આંગણે જ પાણીના ભરાવા સહીત વરસાદી દિવસોમાં જોખમી સ્થિતિ ટાળવા યુધ્ધના ધોરણે માર્ગોના રીસરફેસીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે.

બિલ્ડરોને નોટીસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કમ્પાઉન્ડ વોલનું દબાણ ઉભુ કરાયું છે. આ ઉપરાંત રાયસણમાં વિનાયક કોટયાર્ડ દ્વારા ૨૪ મીટરના રોડ પર બેરીકેડ મુકીને નડતર ઉભુ કરાયું છે. તથા ૧૮ મીટરના રોડ સાઇડ પર સાઇટ ઓફિસ બનાવીને ગ્રીન પેચમાં દબાણ કરાયું છે. ગુડા દ્વારા અહીં નોલેજ હબની યોજના સંદર્ભે પણ અવરોધ ઉભો થયો છે.

વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાત કરીએ તો તેમાં પ્રતિ ક્વિંટલ ૩૫૦ રુપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જેથી તેનો ભાવ વધીને ૬૯૫૦ રુપિયા પ્રતિ ક્વિન્ટલ પર પહોચી ગયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે કમીશન ફોર એગ્રીકલ્ચરલ કોસ્ટ એન્ડ પ્રાઈસ (સીએસીપી)ની ભલામણોના આધારે સરકાર ૨૩ પાક પર એમએસપી નક્કી કરે છે. સીએસીપીદ્વારા ૨૩ પાકો માટે એમએસપીમાટે ભલામણ કરે છે. તેમાં સાત અનાજ,પાંચ કઠોળ, સાત તેલીબિયાં અને ચાર વેપારી પાકોનો સમાવેશ કરવામાં આવે છે. આ ૨૩ પાકોમાંથી ૧૫ ખરીફ પાકો છે જ્યારે બાકીના રવિ પાક છે.

હત્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બાળકીની હાલત ગંભીર હોવાનું કહેવાઈ રહ્યું છે. આ ઘટનામાં બે જવાનો પણ ઈજાગ્રસ્ત થયા છે.

દરમિયાન આ ઘટના અગાઉ સંજીવ જીવાની પત્ની પાયલ માહેશ્વરીએ તેના પતિના જીવ પર ખતરો હોવાનું કહી સુરક્ષાની માંગણી કરી હતી. ત્યારબાદ સંજીવની સુરક્ષામાં વધારો કરાયો હતો. સુરક્ષામાં વધારો કરવા છતાં બદમાશોએ કોર્ટ પરિસરની અંદર ઘુસી આજે સંજીવની હત્યા કરી નાખી છે.

સંજીવ જીવા પશ્ચિમ ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરનો રહેવાસી હતો. તે મુન્નાર અંસારી, મુન્ના બજરંગી અને ભાટી ગેંગ માટે કામ કરતો હતો. સંજીવ વિરુદ્ધ ત્રણ ડઝનથી પણ વધુ કેસો નોંધાયેલા હોવાનું કહેવાય છે. એક સમયે સંજીવ જીવા મુન્નારનો શૂટર હતો. સંજીવનું નામ ચર્ચાસ્પદ કૃષ્ણાનંદ રાય હત્યાકાંડમાં પણ સામે આવ્યું હતું. સંજીવ ઉત્તર પ્રદેશની મૈનપુરી જેલમાં સજા કાપી રહ્યો હતો.

પેકેજને મંજૂરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

રિવાઈવલ પેકેજ નથી. ટેલિકોમ પીએસયુને નફાકારક કંપનીમાં ફેરવવા માટે કેન્દ્રે જુલાઈ ૨૦૨૨માં બીએસએનએલને ૪જી અને પજીસેવાઓ પ્રદાન કરવા માટે રિવાઈવલ પેકેજ આપ્યું હતું. એડવાન્સ સર્વિસ અને ગુણવત્તા, બીએસએનએલની બેલેન્સ શીટની પુનઃપ્રાપ્તિ અને બીએસએનએલના ઓપ્ટિકલ ફાઈબર નેટવર્કના વિસ્તરણ પર પેકેજ કેન્દ્રિત હતું. સરકારનું ધ્યાન બીએસએનએલપર છે. સરકારે ભારત બ્રોડબેન્ડ નેટવર્ક લિમિટેડને બીએસએનએલસાથે મર્જ કર્યું હતું. આ મર્જરને કારણે બીએસએનએલને ૫.૬૭ લાખ કિમીનું વધારાનું ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક મળ્યું છે. આ સાથે કંપનીની કનેક્ટિવિટી વધીને ૧.૮૫ લાખ ગામો સુધી થઈ ગઈ છે.

કોંગ્રેસના નેતા ગોવા રબારી કેસરિયો ખેસ ધારણ કરશે

ગાંધીનગર, તા.૭

ભાજપના બે નેતાઓએ ખેલ પાડી દેઈને કોંગ્રેસના પીઢ નેતાને પોતાની તરફ ખેચવા પ્રયત્ન કર્યા હોવાની ચર્ચા થઈ રહી છે. ત્યારે હવે કોંગ્રેસમાંથી વધુ એક નેતા ભાજપમાં જોડશે કે જેઓ કોંગ્રેસમાંથી સાત વખત વિધાનસભાની ચૂંટણી લડી ચૂક્યા છે. ડીસાના કેંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી ભાજપમાં જોડાઈ શકે છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ સાથે ગઈકાલે ગોવાભાઈ રબારીની બેઠક થયા હોવાની ચર્ચા ચાલી રહી છે. ગોવા રબારી છેલ્લા ૩૫ વર્ષથી કોંગ્રેસ સાથે જોડાયેલા છે. તેઓ કેંગ્રેસમાંથી સાત વખત ચૂંટણી લડી ચૂક્યા છે. આ ઉપરાંત ધાનેરામાં ૧૯૯૫માં કોંગ્રેસમાંથી ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે.

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગોવાભાઈ રબારીને ભાજપમાં લાવવા પાર્ટીના બે દિગ્ગજ નેતાઓએ ખેલ પાડ્યો છે. ગોવાભાઈ રબારી બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના કુચાવાડા ગામના રહેવાસી છે. તેઓ ૩૫ વર્ષથી કોંગ્રેસ સાથે જોડાયેલા છે. કોંગ્રેસે ગત વિધાનસભાની ચૂંટણીમાં તેમના પુત્ર સંજય રબારીને ટિકિટ આપી હતી. જોકે આ ચૂંટણીમાં સંજય રબારીનો પરાજય થયો હતો. સંજય રબારીની ભાજપના ઉમેદવાર સામે હાર થઈ હતી. ગોવાભાઈ રબારીએ કુચાવાડા ગામના સરપંચથી રાજકારણની શરૂઆત કરી હતી.